**ખોરજની જમીન વિવાદમાં IPS સહિત પોલીસ અધિકારીઓ સામે આક્ષેપ સાથે ગાંધીનગરમાં**

# ઠાકોર સમાજની જમીન મામલે કોંગ્રેસનો હંગામો

**પોલીસ** સાથે ઘર્ષણ, પોલીસ ભવન લશ્કરી છાવણીમાં ફેરવાયું

**રસ્તાઓ** સીલ અને ઠેરઠેર નાકાબંધી, કોંગ્રેસના નેતાઓ સહિત કાર્યકરોની અટકાયત

ગાંધીનગરઃ ગાંધીનગર નજીક ખોરજમાં ઠાકોર સમાજની આશરે રૂ.150 કરોડની જમીનના વિવાદે હવે રાજકીય અને પોલીસ વર્તુળોમાં ભારે ગરમાવો પેદા કર્યો છે. જમીન વિવાદમાં સિનિયર આઈપીએસ અધિકારી સહિત પોલીસ અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો સાથે ઉચ્ચસ્તરીય તપાસ અને જવાબદારો સામે ગુનો નોંધવાની માંગને લઈને આજે ગાંધીનગરમાં કોંગ્રેસે આક્રમક વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગાંધીનગરના રસ્તાઓ પર પોલીસનો વિશાળ કાફલો, ઠેરઠેર બેરીકેટિંગ, વાહનોનું ચેકિંગ અને પોલીસ ભવન તરફ કૂચ કરતાં કાર્યકરોના ટોળાંને કારણે સમગ્ર વિસ્તારમાં તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો. વિરોધ પ્રદર્શનનાં દૃશ્યોને કારણે ગાંધીનગરમાં દિલ્હીના જંતર-મંતર જેવો માહોલ જોવા મળ્યો હતો. હજ્જારોની સંખ્યામાં વિરોધ પ્રદર્શન માટે ઉમટી પડેલા કાર્યકરોનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું, કાર્યકરો બેરિકેટિંગ તોડીની પોલીસ ભવન તરફ કૂચ કરી હતી.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાસનભામાં કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચોધરી, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં લોકો પોલીસ ભવન તરફ કૂચ કરવા પહોંચતાં સમગ્ર ગાંધીનગરમાં ભારે ચહલપહલ મચી ગઈ હતી. ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્રએ સવારથી જ કડક બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસ ભવનને જાણે લશ્કરી છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો. ગાંધીનગર તરફ જતા માર્ગો પર ઠેરઠેર નાકાબંધી કરવામાં આવી હતી, બેરીકેટિંગ ગોઠવવામાં આવ્યું હતું અને પોલીસ ભવન તરફ જતા રસ્તાઓ પર અવરજવર નિયંત્રિત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા માર્ગો રોકવામાં આવતાં કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સૂત્રોચ્ચાર અને ઉગ્ર નારેબાજી વચ્ચે કેટલાક કાર્યકરોએ બેરીકેટ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે કેટલાક કાર્યકરો બેરીકેટ ઉપરથી કૂદીને પોલીસ ભવન તરફ આગળ વધ્યા હતા. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. કેટલીક જગ્યાએ પોલીસે બળપ્રયોગ કર્યો હતો. વિરોધ પ્રદર્શનને નિયંત્રિત કરવા પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ કાર્યકરોને અટકાવવામાં આવ્યા હતા અને અટકાયતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### ખોરજની રૂ.150 કરોડની જમીનના વિવાદમાં જવાબદારો સામે કાર્યવાહીની માંગ

ખોરજની આશરે રૂ.150 કરોડની જમીનના વિવાદમાં સિનિયર IPS અધિકારી, પોલીસ ઇન્સ્પેક્ટર સહિતના પોલીસ અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ હાથ ધરવામાં આવે અને આક્ષેપોનો સામનો કરી રહેલા જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને ગુનો નોંધવામાં આવે તેવી માગ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આ માગ સાથે પ્રદેશ કોંગ્રેસ દ્વારા પોલીસ ભવન ખાતે આવેદનપત્ર આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, મોટી સંખ્યામાં લોકો ગાંધીનગર પહોંચવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્રએ અગાઉથી જ સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી દીધી હતી. રસ્તાઓ પર નાકાબંધી અને બેરીકેટિંગ વચ્ચે વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બન્યું હતું.

### ભાજપ સરકાર વિરોધ પ્રદર્શનોમાં પોલીસનો દુરુપયોગ કરે છે: અમિત ચાવડા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં આક્ષેપ કર્યો છે કે રાજ્યમાં જ્યારે પણ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવે છે, ત્યારે ભાજપ સરકાર પોલીસને આગળ ધરીને વિરોધના અવાજને દબાવવાનો પ્રયાસ કરે છે. રાજ્યના કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ભાજપના કાર્યકરોની જેમ વર્તી રહ્યા છે. કોંગ્રેસના કાર્યકરોને ડરાવવા-ધમકાવવા અને હેરાન કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. કોંગ્રેસ દ્વારા કોઈપણ મુદ્દે વિરોધ પ્રદર્શન માટે મંજૂરી માગવામાં આવે ત્યારે મંજૂરી આપવામાં આવતી નથી અને વિરોધ કરવામાં આવે તો કાર્યકરોની અટકાયત કરીને તેમને જેલમાં પૂરી દેવામાં આવે છે. કોંગ્રેસના કાર્યકરો અને ધારાસભ્યો વિરુદ્ધ ખોટી ફરિયાદો દાખલ કરીને તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે.

### નવા વર્ષ સાથે નવી શરૂઆત, ડિજિટલ યુગમાં પણ હિસાબી ચોપડાની માંગ



■ દિવાળીના પર્વને હવે જૂજ દિવસો બાકી છે ત્યારે નવા વર્ષની શરૂઆત સાથે નવા વેપારનો હિસાબ રાખવા માટે વેપારીઓ દ્વારા રોજમેળ, ખાતાવહીની પૂજા કરતા હોય છે. ડિજિટલ યુગમાં પણ પરંપરા આજે પણ જીવંત છે. હાલ આ ચોપડાઓ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. **(તસવીરઃ જનક પટેલ)**

# ખડગેના મોદી અંગેના નિવેદનથી ગુજરાતમાં રાજકીય ઘમાસાણ

**ગાંધીનગરમાં** ‘માફી માંગે ખડગે’નાં પોસ્ટર સાથે ભાજપના કાર્યકરો રસ્તા પર ઊતર્યા, કોંગ્રેસે રામધૂન ગાઈ, મેલોડી ચોકલેટ વહેંચી

ગાંધીનગરઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અંગે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની વિવાદાસ્પદ ટિપ્પણીએ દેશના રાજકારણમાં ગરમાવો લાવવાની સાથે ગુજરાતમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય સંઘર્ષને વેગ આપ્યો છે. બિહારના પટનામાં કોંગ્રેસના કાર્યક્રમ દરમિયાન ખડગેએ ‘મોદી શું તેના બાપ પણ જશે’ એવી ટિપ્પણી કરતાં સર્જાયેલા વિવાદના પડઘા આજે ગાંધીનગરમાં પડ્યા હતા. ખડગેના નિવેદનના વિરોધમાં ભાજપના નેતાઓ અને કાર્યકરો ગાંધીનગરમાં સેક્ટર -22માં આવેલા કોંગ્રેસ કાર્યાલય સામે રસ્તા પર ઊતર્યા હતા, જ્યારે કોંગ્રેસે રામધૂન અને ‘મેલોડી’ ચોકલેટના પ્રતીકાત્મક વિરોધથી પલટવાર કર્યો હતો. પરિણામે બંને પક્ષના કાર્યકરો સામસામે આવી જતાં ગાંધીનગરમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો ભાજપે ‘માફી માંગે ખડગે’ અને ‘માફી માંગે કોંગ્રેસ’નાં પોસ્ટર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સાંસદ હસમુખ પટેલ, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ભરત પંડ્યા સહિતના ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો વિરોધમાં જોડાયા હતા. ઘ-સર્કલથી કોંગ્રેસ કાર્યાલય તરફ રેલી કાઢીને કાર્યકરોએ ખડગે અને કોંગ્રેસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ, ભાજપની રેલીની જાણ થતાં કોંગ્રેસ કાર્યાલય ખાતે પણ કાર્યકરો એકત્ર થયા હતા. કોંગ્રેસના કાર્યકરોએ ‘શ્રી રામ જય જય રામ’ની ધૂન ગાઈ હતી અને ‘મેલોડી’ ચોકલેટ વહેંચીને વિરોધ નોંધાવ્યો હતો.

પરિસ્થિતિ વણસે નહીં તે માટે પોલીસે બંદોબસ્ત ગોઠવી ભાજપના કાર્યકરોને કોંગ્રેસ કાર્યાલય સુધી આગળ વધતા અટકાવ્યા હતા. બંને પક્ષના કાર્યકરો વચ્ચે સામસામે સૂત્રોચ્ચાર થયા હતા, જોકે પોલીસની દરમિયાનગીરીને કારણે મામલો વધુ ઉગ્ર બનતો અટક્યો હતો.

### ‘ખડગેએ માફી માંગવી જોઈએ’: અલ્પેશ ઠાકોર

ગાંધીનગરમાં વિરોધ દરમિયાન ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ખડગેના નિવેદનને કોંગ્રેસની હતાશા ગણાવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નેતાઓ પ્રધાનમંત્રી અને તેમના પરિવાર અંગે બેફામ નિવેદનો કરીને રાજકીય મર્યાદા ઓળંગી રહ્યા છે. 85 વર્ષના વરિષ્ઠ નેતા તરીકે ખડગેને આવી ભાષા શોભતી નથી અને તેમણે માફી માંગવી જોઈએ, તેવી માંગણી પણ તેમણે કરી હતી. ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી માટે કરવામાં આવેલી આવી ટિપ્પણી દેશના નાગરિકોનું અપમાન છે.

# ભરૂચ જામા મસ્જિદ વિવાદ: સરકાર, ASI સહિતના પક્ષકારોને હાઈકોર્ટની નોટિસ

**આ સ્થળ** વાસ્તવમાં પ્રાચીન જૈન મંદિર, અશ્વબોધ તીર્થ-શકુનિકા વિહાર છે: અરજદારનો દાવો



અમદાવાદઃ ભરૂચની જામા મસ્જિદને પ્રાચીન જૈન મંદિર ગણાવવાના વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર અને ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) સહિતના સંબંધિત પક્ષકારોને નોટિસ પાઠવી જવાબ માગ્યો છે. હાઈકોર્ટે ભરૂચ જામા મસ્જિદ વકફને પણ નોટિસ પાઠવી છે. આ મામલે આગામી દિવસોમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

ભરૂચની જામા મસ્જિદને પ્રાચીન જૈન મંદિર ગણાવવાના વિવાદમાં પાંચ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજદારોનો દાવો છે કે ભરૂચની જામા મસ્જિદ તરીકે ઓળખાતું સ્થળ વાસ્તવમાં પ્રાચીન જૈન મંદિર તથા અશ્વબોધ તીર્થ-શકુનિકા વિહાર છે. ASI દ્વારા આ સ્થળની નોંધ ખોટી રીતે મસ્જિદ તરીકે કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી અરજીમાં અરજદારોએ દાવો કર્યો છે કે, જૂન 2026માં મસ્જિદના ભોંયરામાંથી જૈન ધર્મના 19મા તીર્થંકર ભગવાન મલ્લિનાથની મૂર્તિ મળી આવી હતી. આ દાવાના સમર્થનમાં કોર્ટ સમક્ષ વિડીયો લિંક પણ રજૂ કરવામાં આવી છે. સ્થળ પર મળી આવેલી મૂર્તિ અને ઐતિહાસિક સ્મારકના કેટલાક સ્તંભોને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. આથી ભગવાન મલ્લિનાથની મૂર્તિને સુરક્ષા પૂરી પાડવા માટે તાત્કાલિક નિર્દેશ આપવા કોર્ટ સમક્ષ માગ કરવામાં આવી છે.

# MBBS-BDSમાં 223 બેઠક પર પ્રવેશ ફાળવાયા

ગાંધીનગરઃ મેડિકલ અને ડેન્ટલ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડની એલોટમેન્ટ અને રિપોર્ટિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કુલ 223 બેઠક પર મેરિટના આધારે પ્રવેશ ફાળવવામાં આવ્યા છે. તેમાં MBBSની 119 અને BDSની 104 બેઠકનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયા બાદ MBBS અને BDSની કુલ 8,452 બેઠકોમાંથી 8,364 બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે, જ્યારે હજુ 88 બેઠક ખાલી રહી છે. પ્રવેશની સ્થિતિ પર નજર કરીએ તો MBBSની કુલ 7,233 બેઠકોમાંથી 7,177 બેઠકો ભરાઈ છે અને 56 બેઠકો ખાલી છે. જ્યારે BDSની કુલ 1,219 બેઠકમાંથી 1,187 બેઠક ભરાઈ છે અને 32 બેઠકો ખાલી રહી છે. પ્રવેશ સમિતિ દ્વારા મેરિટના આધારે બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. સમિતિએ સ્પષ્ટતા કરી છે કે મેડિકલ અને ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓનો પ્રવેશ કોઈપણ સંજોગોમાં પ્રવેશ સમિતિ દ્વારા રદ કરવામાં આવશે નહીં.

# B.Sc નર્સિંગ સહિતના અભ્યાસક્રમોમાં પાંચમા રાઉન્ડમાં 299 નવા એલોટમેન્ટ

ગાંધીનગરઃ વર્ષ 2026-27 માટે બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાંચમા રાઉન્ડમાં કુલ 3,341 વિદ્યાર્થીઓએ ચોઇસ ફિલિંગ કર્યું હતું, જેમાંથી 299 વિદ્યાર્થીઓને નવા એલોટમેન્ટ કરવામાં આવ્યા છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ 17,151 વિદ્યાર્થીઓને બેઠકો ફાળવવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયાના પાંચમા રાઉન્ડની ચોઇસ ફિલિંગ બાદ સરકારી સંસ્થાઓની તમામ 2,489 બેઠકો ભરાઈ ગઈ છે. પાંચમા રાઉન્ડમાં બેઠક ફાળવાયેલા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફી ભરવાની અને હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ 29 ઓક્ટોબર, બપોરે 3:30 વાગ્યા સુધીમાં ઓનલાઈન ફી ચૂકવવાની રહેશે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | ૪ | ૫ | | ૩ | |
| | | ૭ | ૩ | ૯ | ૨ | ૪ | ૬ | ૮ |
| ૩ | | | | | | ૫ | | |
| | ૧ | | ૫ | ૭ | | | ૯ | |
| | | ૬ | ૯ | | | | | ૨ |
| | ૪ | ૫ | ૨ | | ૩ | ૮ | ૭ | |
| | | ૧ | | | | | | |
| | | ૩ | ૪ | | ૯ | | | |
| | ૬ | ૯ | | ૩ | ૭ | ૨ | ૮ | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દમ - શ્વાસ

બહેડાં ફળની છાલ 200g, સોનાગેરૂ 5 ગ્રામ, સૌભાગ્ય પુષ્પ 10 ગ્રામ લઈ બારીક ચૂર્ણ કરવું. એમાંથી 3 ગ્રામ ચૂર્ણ રોજ સવાર, સાંજ મધ સાથે લેવું. દમ રોગીએ પેટ સાફ રાખવું, સાંજે વહેલા જમી લેવું, ઊણોદરી રહેવું. વૈદ્ય શર્માજી કહે છે કે આ અણમોલ કુદરતી ભેટ છે. જરૂર ફાયદો થશે.

## C295 મિલિટરી વિમાનથી તોપ-શસ્ત્રો સુધી

# એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદનનું મોટું કેન્દ્ર બની રહ્યું છે ગુજરાત

**વાયબ્રન્ટ** ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ પહેલાં સંરક્ષણ ઉદ્યોગમાં રાજ્યની દાવેદારી મજબૂત

**એરોસ્પેસ**-સંરક્ષણ નીતિ હેઠળ મૂડીરોકાણ પર ૨૫ ટકા સુધી સબસિડી, પાંચ વર્ષ સુધી વ્યાજ સહાય અને ૧૦ વર્ષ સુધી નેટ SGSTનું ૧૦૦ ટકા વળતર

**મોટા** ઉદ્યોગોની સાથે MSME એકમોને પણ સપ્લાય ચેઇનમાં જોડવાની વ્યૂહરચના

ગાંધીનગરઃ લશ્કરી વિમાનોના ઉત્પાદનથી લઈને તોપ, શસ્ત્રો, દારૂગોળો, ડ્રોન અને અદ્યતન એન્જિનિયરિંગ સુધીના વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ગુજરાત પોતાની ઔદ્યોગિક ક્ષમતાનો વ્યાપ વધારી રહ્યું છે. વડોદરામાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ અને એરબસના C295 મિલિટરી વિમાનની ફાઈનલ એસેમ્બલી લાઈન, લાર્સન એન્ડ ટુબ્રોનો સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે પ્રવેશ અને તેની સાથે વિકસતી લઘુ-સૂક્ષ્મ ઉદ્યોગોની સપ્લાય ચેઇન ગુજરાતને ભારતના એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રના મહત્ત્વના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં આગળ ધપાવી રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ પહેલાં રાજ્યની આ ઔદ્યોગિક ક્ષમતા વૈશ્વિક રોકાણકારો સમક્ષ રજૂ થઈ રહી છે. કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારતના અભિયાન સાથે જોડાયેલા

### રોકાણકારો માટે પ્રોત્સાહનોનું વ્યાપક માળખું

રાજ્ય સરકારની એરોસ્પેસ અને ડિફેન્સ પોલિસી-૨૦૧૬ હેઠળ આ ક્ષેત્રના પાત્ર પ્રોજેક્ટ્સને આકર્ષવા માટે વિવિધ નાણાકીય પ્રોત્સાહનોની જોગવાઈ કરવામાં આવી છે. નીતિનો વ્યાપ એન્જિનિયરિંગ, ઓટોમોબાઇલ, MRO, સંરક્ષણમાં વપરાતાં ટેકનિકલ કાપડ, કાસ્ટિંગ-ફોર્જિંગ, ઇલેક્ટ્રોનિક સિસ્ટમ્સ, જહાજ નિર્માણ, તોપ, દારૂગોળો, નાના શસ્ત્રો, સંશોધન-વિકાસ અને પરીક્ષણ જેવી પ્રવૃત્તિઓ સુધી વિસ્તરે છે. નીતિ હેઠળ પાત્ર નિશ્ચિત મૂડીરોકાણના ૨૫ ટકા સુધી, મહત્તમ રૂ. ૨.૫ કરોડની મૂડી સબસિડીની જોગવાઈ છે. આ ઉપરાંત પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂ. ૧૦ કરોડની મર્યાદામાં વ્યાજ સબસિડી, ૧૦ વર્ષ સુધી નેટ રાજ્ય માલ અને સેવા કર (SGST)નું ૧૦૦ ટકા વળતર, સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ચાર્જમાં ૧૦૦ ટકા રાહત તથા પાંચ વર્ષ સુધી વીજ ડ્યૂટીમાંથી સંપૂર્ણ મુક્તિનો સમાવેશ થાય છે. પાવર ટેરિફ સબસિડી ઉપરાંત કૌશલ્ય વિકાસ અને સંશોધન-વિકાસ કેન્દ્રો માટે રૂ. પાંચ કરોડ સુધીની સહાયની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ લાભો પાત્રતા અને નીતિની શરતોને આધીન રહેશે.

આ ક્ષેત્રમાં રોકાણ આકર્ષવા માટે ગુજરાતે મૂડી સહાય, વ્યાજ સબસિડી, કરવેરામાં રાહત અને સંશોધન-કૌશલ્ય વિકાસ માટે સહાયનું માળખું ઊભું કર્યું છે.

### વડોદરાની C295 એસેમ્બલી લાઇનથી ગુજરાતને વ્યૂહાત્મક મહત્ત્વ

ગુજરાતના એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રના વિસ્તરણમાં વડોદરા સ્થિત ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ-એરબસ C295 ફાઇનલ એસેમ્બલી લાઇન મહત્ત્વનો પ્રોજેક્ટ છે. ભારતમાં ખાનગી ક્ષેત્રની પ્રથમ લશ્કરી વિમાન ફાઇનલ એસેમ્બલી લાઇન તરીકે ઓળખાતી આ સુવિધા વિમાન ઉત્પાદન સાથે સંકળાયેલી સ્થાનિક સપ્લાય ચેઇનને વિકસાવવાની તક ઊભી કરે છે. એરક્રાફ્ટ સ્ટ્રક્ચર્સ, વિમાનના વિવિધ ભાગો, ચોકસાઈભર્યું એન્જિનિયરિંગ અને સંરક્ષણ ઇલેક્ટ્રોનિક્સ જેવાં ક્ષેત્રોમાં સ્થાનિક ઔદ્યોગિક ક્ષમતાના વિકાસ માટે પણ આ પ્રોજેક્ટ મહત્ત્વ ધરાવે છે. ગુજરાતની સંભાવનાઓ માત્ર લશ્કરી વિમાનના ઉત્પાદન પૂરતી મર્યાદિત નથી. માનવરહિત વિમાન અને ડ્રોન (UAVs), એરોસ્પેસનાં ઉપકરણો, વિમાનોની જાળવણી-સમારકામ-ઓવરહોલ (MRO), અદ્યતન સામગ્રી અને કુશળ એન્જિનિયરિંગ જેવાં ક્ષેત્રોમાં પણ ઉદ્યોગોના વિસ્તરણની તકો છે. આ ક્ષેત્રોમાં નવા રોકાણો અને ટેકનોલોજી આધારિત ઉત્પાદનથી રાજ્યની ઔદ્યોગિક સાંકળને વધુ વ્યાપક બનાવવાની સંભાવના છે.

### તોપથી દારૂગોળા સુધી, સ્થાનિક સપ્લાય ચેઇનનો વ્યાપ

રાજ્યમાં એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદનનું માળખું મોટા ઔદ્યોગિક એકમો ઉપરાંત નાના અને મધ્યમ ઉદ્યોગોના સહયોગથી વિકસી રહ્યું છે. લાર્સન એન્ડ ટુબ્રો તોપ, આર્મર્ડ સિસ્ટમ્સ અને શસ્ત્રો છોડવાની પ્રણાલીઓ જેવાં ક્ષેત્રોમાં ઉત્પાદન કરે છે. કંપની સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ દ્વારા ૩૮૧ રોજગારીની તકો ઊભી થઈ હોવાનું રજૂ કરવામાં આવ્યું છે. બીજી તરફ, રાસ્પિયન એન્ટરપ્રાઇઝિસ નાના શસ્ત્રોના ઉત્પાદન ક્ષેત્રે અને એસ્ટ્રિઓનિક્સ FMJ પ્રોજેક્ટાઇલ્સના ક્ષેત્રે કાર્યરત છે. જૈવેલ એરોસ્પેસ, શ્રીરામ એરોસ્પેસ એન્ડ ડિફેન્સ, યુનિક ફોર્જ અને પુષ્પક એરોસ્પેસ જેવા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) મોટા ઔદ્યોગિક એકમોને જરૂરી સાધનો અને ઘટકો પૂરા પાડવામાં ભૂમિકા ભજવે છે. આ પ્રકારની પૂરક ઔદ્યોગિક સાંકળથી ચોકસાઈભર્યા એન્જિનિયરિંગ, ઘટકોના ઉત્પાદન અને સ્થાનિક સપ્લાયરો માટે નવી તકો ઊભી થઈ શકે છે.

### દેશનું સંરક્ષણ ઉત્પાદન રૂ. ૧.૭૮ લાખ કરોડે પહોંચ્યું

ભારતમાં સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે થયેલો વિકાસ ગુજરાત માટે પણ રોકાણની સંભાવનાઓ વિસ્તારે છે. ઉપલબ્ધ આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં દેશનું સંરક્ષણ ઉત્પાદન રૂ. ૪૬,૪૨૯ કરોડ હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને વિક્રમી રૂ. ૧.૭૮ લાખ કરોડ થયું છે. આ સમયગાળામાં સંરક્ષણ ઉત્પાદનનું મૂલ્ય લગભગ ચાર ગણું થયું છે. સંરક્ષણ નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. રજૂ કરાયેલા આંકડા પ્રમાણે, ૨૦૦૪થી ૨૦૧૪ના દાયકામાં રૂ. ૪,૩૧૨ કરોડની સંરક્ષણ નિકાસની સરખામણીએ ૨૦૧૪થી ૨૦૨૪ના દાયકામાં નિકાસ વધીને રૂ. ૮૮,૩૧૯ કરોડ થઈ હતી. ભારતની સંરક્ષણ જરૂરિયાતોનો મોટો હિસ્સો હજુ પણ આયાત સાથે જોડાયેલો હોવાથી સ્થાનિક ઉત્પાદન, સંશોધન, ડિઝાઇન, વિકાસ, ગુણવત્તા નિયંત્રણ અને તાલીમ ક્ષેત્રે નવી તકો ઊભી થઈ રહી છે. એન્જિનિયરિંગ, વિજ્ઞાન અને માહિતી-ટેક્નોલોજીના કુશળ માનવબળનો લાભ લઈને ગુજરાત આ ક્ષેત્રમાં મોટા ઉદ્યોગો અને સ્થાનિક સપ્લાયરો વચ્ચે જોડાણ વધારવા માગે છે.

## આજનું પંચાંગ

**તા. 27/10/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિઃ** વદઃ એકમ:07:02 પછી બીજનો ક્ષય છે
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક:-05 **યોગ :** સિદ્ધિ
**કરણઃ** તૈતિલ **નક્ષત્ર :** ભરણી:- 15:40
**રાશીઃ** મેષ (અ,લ,ઈ) 21:08 પછી વૃષભ (બ,વ,ઊ)
**દિવસ :** અશુભ- શુક્ર પૂર્વોદય
**સુરતમાં સૂર્યોદય :** 06:40 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:05
**નવકારસી :** 07:28
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો 14 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 જમાદીલ ઊલ અવલ માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
**રાહુ કાળ :** બપોરેઃ 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** અચાનક આર્થિક લાભ થાય. ધંધાકીય સમસ્યાનું નિરાકરણ આવે. નવી ભાગીદારી કરી શકાય. બીજાને મદદરૂપ થશો.

**વૃષભ (બ,વ,ઉ,):** સામાજિક સમસ્યા સતાવે. વડીલો સાથે તાલમેળ ઓછો રહે. આળસના કારણે કામમાં વિલંબ થાય. સંતાન ચિંતા રહે.

**મિથુન (ક,છ,ઘ,):** અવિવાહિતને લગ્નની ઓફર મળે. તમારા નવા વિચારોથી નવી તક મળે. મિત્રો સાથે ઘર્ષણ ટાળવુ. સંતાનોની સમસ્યા

**કર્ક (ડ,હ,):** નોકરીમાં જવાબદારીયુક્ત પદ પ્રાપ્ત થાય. વ્યવસાયમાં આર્થિક લાભ વધે. રાજકારણમાં પદ પ્રાપ્તિ થાય.

**સિંહ (મ,ટ,):** સમાજમાં વ્યસ્ત રહેવુ પડે. વડીલોની મદદ મળે. નોકરીમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ખાવા-પીવાની બેદરકારી પેટ-પાચનતંત્ર બગાડશે. માનસિક તણાવ રહે. સ્વાર્થી લોકોની પરવા કરવી નહી.

**તુલા (ર,ત,):** ઘરમાં સંતાનોના વિવાહ કે પ્રગતિના સમાચાર મળે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. સરકારી કામમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** ખર્ચા વધશે. નોકરી-ધંધાની સમસ્યાનું સમાધાન થાય. હરીફોથી સાવધાન, નોકરીમાં પ્રભાવ વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** શેરબજારમાં લાભ થાય. મિત્રો સાથે નવા પ્રોજેક્ટની શરૂઆત થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. આવક વધે.

**મકર (ખ,જ,):** વારસા બાબતે પ્રગતિ થાય. વેપાર-ધંધામાં ઈચ્છિત પ્રગતિ થાય. કામનો બોજ અને આરોગ્યની સમસ્યા વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા ધંધા- વ્યવસાયનું આયોજન થાય. નવા કામના સોદા-કરાર થાય. ધંધાકીય પ્રવાસ સફળ રહે. મન પર કાબૂ.

**મીન (દ,ચ,ઝ,થ,):** કૌટુંબિક જવાબદારી વધે. આવકના રસ્તા વધે. નવા રચનાત્મક કામની કદર થાય. ઘરમાં તાલમેળ વધે.

## કોઈ પણ સાલમાં 27 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં ચડતી-પડતી તથા ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવું શીખવા મળે. સાથે જવાબદારી અને દોડધામ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. સમાજમાં માન મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય સામાન્ય રહે. સંતાનોના કેરીયર- અભ્યાસમાં પ્રગતિથી શાંતિ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામ ઢીમાં પડે. વિદ્યાર્થીઓની દોડધામ વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. સ્ત્રી વર્ગની જવાબદારી વધે. નોકરિયાતને પ્રમોશન મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ઢીમાં પડે. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં મંગળ-ગુરુવારે, 09, 18, 27 તારીખે નવા કામ કરવા. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું. ડિસેમ્બર- જાન્યુઆરીમાં બુધ-શનિવારે 08, 17, 26 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ટાળવો.

## શબ્દગુંફન - ૭૨૮૦

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ | ૬ | ■ |
| ■ | | ■ | ૭ | | | | ■ | ૮ | |
| ૯ | | ૧૦ | | ■ | | ■ | ૧૧ | | ■ |
| | ■ | | ■ | ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ |
| ■ | ૧૫ | | ૧૬ | | ■ | | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | ૨૦ | ■ | |
| | ■ | ૨૧ | | ૨૨ | | ■ | ૨૩ | | |
| ૨૪ | ૨૫ | | ■ | | ■ | ૨૬ | | ■ | |
| ■ | ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | | ■ | ૩૦ | |
| ૩૧ | | ■ | ૩૨ | | | ■ | ૩૩ | | ■ |

**આડી ચાવી**

૧. ડગુમગુ, અસ્થિર (૪)
૫. વાણી, વાચા (૨)
૭. મનસ્વી, તરંગી (૪)
૮. છુટ્ટી, પરવાનગી (૨)
૯. કજિયાની પતાવટ (૪)
૧૧. ત્રાસ, કંટાળો, પીડા (૨)
૧૨. વીનવવું તે, આજીજી (૪)
૧૫. ખીલેલું (૪)
૧૭. આકાશ, ગગન (૨)
૧૮. આબરૂ, અટક, સાક્ષી (૨)
૧૯. શારિરીક ઈજા, ઘા (૩)
૨૧. પસ્તાવો, ઊંડો વિચાર (૪)
૨૩. અતિ ગંદું (૩)
૨૪. સોગન, પ્રતિજ્ઞા (૩)
૨૬. મૂલ્ય, કિંમત (૨)
૨૭. ભૂલભરેલું (૩)
૨૯. ઓછું (૨)
૩૦. દિવસ, દહાડો (૨)
૩૧. મહોલ્લો કે લત્તો (૨)
૩૨. રિસાઈ જાય એવું (૩)
૩૩. ચળકાટ, સફાઈ (૨)

**ઊભી ચાવી**

૨. મોટાઈ (૩)
૩. ચાલવું તે, ગતિ (૩)
૪. મુક્તિ (૪)
૬. દેવું, ઋણ (૩)
૯. પાર, છેડો (૨)
૧૦. ધર્મને લગતું (૩)
૧૧. બોલી, વાચા (૨)
૧૨. ધન (૨)
૧૩. સોના-ચાંદીનું છેક પાતળુ પતરું (૩)
૧૪. મોજમજા (૬)
૧૫. ઝેર, વિષ (૨)
૧૬. ચલચિત્ર, બોલપટ (૩)
૧૮. શાંતિકારક (૩)
૧૯. આદમી (૨)
૨૦. એક જળચર પ્રાણી (૩)
૨૧. સ્વચ્છ, નિર્મળ (૩)
૨૨. શિક્ષા, દંડ (૨)
૨૫. બાતમી, પગેરું (૩)
૨૬. શ્વાસ (૨)
૨૮. હોડી (૨)
૨૯. તંમર, ઉકેલ (૨)
૩૦. દીવો, દીપક (૨)